સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC


## CURRENT AFFAIRS

**WEEK 34 (21/08/22 to 27/08/22)**

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)









JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**21**
**AUG-2022**


- સુશ્રી અંતિમ પંઘાલે અંડર-20 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા ........ 02
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડ્રોન પ્રમોશન અને યુસેજ પોલિસી જાહેર કરી........ 02
- ભારતીય સેના માટે નવી સંરક્ષણ પ્રણાલી........ 04
- QUESTION ANSWERS ........ 07


**22**
**AUG-2022**


- મિથિલા મખાનાને GI ટેગ........ 08
- મહારાષ્ટ્રમાં 'દહીં હાંડી'ને સત્તાવાર રમતનો દરજ્જો આપવામાં આવ્યો........ 09
- ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ લોન્ચ કરવામાં આવી........ 10
- ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ : Switch Eiv 22........ 11
- QUESTION ANSWERS ........ 12


**23**
**AUG-2022**


- દિવસ મહિમા : 23 ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય ગુલામ વ્યાપાર અને તેના અંતની યાદગારીનો દિવસ (International Day for The Remombrance of the Slave Trade and Abolition)........ 13
- ચંદીગઢ એરપોર્ટનું નામ શહીદ ભગત સિંહના નામ પર રાખવામાં આવશે........ 13
- ભારતીય શેરબજારના બિગબુલ શ્રી રાકેશ ઝુનઝુનવાલાનું નિધન........ 13
- ભારતના દિગ્ગજ ફૂટબોલ પ્લેયર શ્રી સમર બદ્રુ બેનરજીનું નિધન........ 14
- QUESTION ANSWERS ........ 15


**24**
**AUG-2022**


- દિવસ મહિમા : 24 ઓગસ્ટ, વિશ્વ ગુજરાતી ભાષા દિવસ (World Gujarati Language Day)........ 16
- પેરાગ્વેમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમા અને ભારતીય દૂતાવાસ........ 16
- ભારતની પ્રથમ SSA વેધશાળા : ઉત્તરાખંડ........ 17
- QUESTION ANSWERS ........ 19


**25**
**AUG-2022**


- શ્રી રમેશબાબુ પ્રજ્ઞાનંદે શ્રી મેગ્નસ કાર્લસનને સતત ત્રીજી વખત હરાવ્યા........ 20
- સુશ્રી ફહમિદા અઝીમે પુલિત્ઝર પુરસ્કાર 2022 જીત્યો........ 20
- DRDOએ VL-SRSAM મિસાઈલનું પરીક્ષણ કર્યુ........ 21
- QUESTION ANSWERS ........ 23


**26**
**AUG-2022**


- દિવસ મહિમા : 26 ઓગસ્ટ, મહિલા સમાનતા દિવસ........ 24
- સ્ટોકહોમ વિશ્વ જળ સપ્તાહ 2022........ 24
- One nation One Fertiliser........ 25
- QUESTION ANSWERS ........ 27


**27**
**AUG-2022**


- સુશ્રી એન્જેલો મર્કેલને 2022નો યુનેસ્કો શાંતિ પુરસ્કાર એનાયત........ 28
- મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્ક માટે MoU........ 28
- QUESTION ANSWERS ........ 30

ONE LINER ........ 31
QUESTION OF THIS WEEK ........ 35


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુશ્રી અંતિમ પંઘાલ અંડર-20 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા




હરિયાણાના 17 વર્ષીય સુશ્રી અંતિમ પંઘાલે બલ્ગેરિયાના સોફિયામાં આયોજિત અંડર–20 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ મહિલા કુસ્તિબાજ બન્યા છે.

- તેમણે 53 કિગ્રા વર્ગમાં કઝાકિસ્તાનની સુશ્રી એટલિન શગાયેવાને 8-0 થી હરાવ્યા હતી.
- આ ગોલ્ડ મેડલ ભારત માટે ઐતિહાસિક છે કારણ કે અંડર–20 વર્લ્ડ ચેમ્પિયનશિપની મહિલા કુસ્તીમાં ભારતને હજુ સુધી કોઈ મેડલ મળ્યો ન હતો.
- સુશ્રી અંતિમ પંઘાલ હરિયાણાના હિસાર જિલ્લાના ભગાના ગામના રહેવાસી છે.

નોંધઃ આ ઉપરાંત સુશ્રી સોનમ મલિકે 62 કિગ્રા કેટેગરીમાં અને સુશ્રી પ્રિયંકાએ 65 કિગ્રા કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડ્રોન પ્રમોશન અને યુસેજ પોલિસી જાહેર કરી



ગુજરાતે અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી સરકારી સેવાઓ સહિતની વિવિધ જાહેર સેવાઓને અસરકારક, લોકપ્રિય અને કાર્યક્ષમ તથા ઝડપી બનાવવાની દિશામાં એક નવતર પગલુ ભર્યુ છે.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ હેતુ માટે ગુજરાતની મહત્વાકાંક્ષી 'ધ ડ્રોન પ્રમોશન એન્ડ યુસેજ' નીતિની જાહેરાત કરી છે.

### ધ ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ પોલિસીની વિશેષતાઓ

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાહેર કરેલી આ નીતિનો કાર્યકાળ પાંચ વર્ષનો રાખવામાં આવ્યો છે.
- આ ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ પોલિસીમાં જે ધ્યેય રાખવામાં આવેલા છે તેમાં રાજ્યમાં કાર્યક્ષમતા વધારવા તેમજ સેવાઓની ડીલીવરી માટે ડ્રોનના ઉપયોગને પ્રોત્સાહન આપી મેન્યુફેક્ચરીંગ અને ઈનોવેશન સહિતની વાયબ્રન્ટ ડ્રોન ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાનો સમાવેશ થાય છે.
- તેમજ ડ્રોન સેવા ઈકો સિસ્ટમમાં રોજગારીની તકો વધારીને 25,000 જેટલી પ્રત્યક્ષ, પરોક્ષ રોજગારી સર્જન કરવાનું લક્ષ્યાંક છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈનોવેશન માટે યંગ ટેલેન્ટને પ્રોત્સાહન

યુવા પ્રતિભાઓ ડ્રોન ટેકનોલોજી ક્ષેત્રે પોતાનું કૌશલ્ય અને સામર્થ્ય દર્શાવી શકે તે માટે ઈનોવેશન્સ માટે યંગ ટેલેન્ટને જોડવામાં આવશે.

- આ હેતુસર પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ પર કામ કરવા માટે સરકારના વિવિધ વિભાગો, પ્રતિષ્ઠિત સંસ્થાનો અને ઉદ્યોગ કમિશનર કચેરીના સ્ટાર્ટઅપ ગુજરાત સેલ સાથે સહભાગીથી હેકાથોન અને ગ્રાન્ડ ચેલેન્જના આયોજનને પ્રોત્સાહન આપશે.
- આવા આયોજનના વિજેતા સોલ્યુશન્સને પુરસ્કારો અપાશે અથવા સંબંધિત વિભાગો સાથે પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવાની તક આપવામાં આવશે.

## વિભાગો અને તેમના સંબંધિત કાર્યક્ષેત્રમાં ડ્રોનનો ઉપયોગ

રાજ્ય સરકારે જાહેર કરેલી આ ધી ડ્રોન પ્રમોશન એન્ડ યુસેઝ અંતર્ગત વિવિધ વિભાગો, પબ્લિક સેક્ટર અંડર ટ્રેકિંગ અને બોર્ડ, સંસ્થાઓ 6 મહિનામાં તેમના સંબંધિત કાર્યક્ષેત્રમાં ડ્રોનના ઉપયોગને પ્રોત્સાહન આપવા યોજનાઓ અને કાર્યક્રમોને નિર્ધારિત કરશે.

- જે વિભાગો ડ્રોનનો પોતાના કાર્યક્ષેત્રમાં ઉપયોગ કરવાના છે તે આ મુજબ છે :

| વિભાગ | | ઉપયોગ |
|---|---|---|
| ગૃહ વિભાગ | : | ભીડ સંચાલન, વાઈટલ ઈન્સ્ટોલેશન સિક્યુરિટી, વીવીઆઈપી સુરક્ષા, બોર્ડર અને તટીય સુરક્ષા, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, મોટા કાર્યક્રમો અને શોભાયાત્રાની સુરક્ષા, સર્ચ ઓપરેશન, ટ્રાફિક મેનેજમેન્ટ |
| કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | : | જંતુ નાશક દવાઓનો છંટકાવ, ખાતરનો ઉપયોગ, બીજ વાવણી, માટીની ગુણવત્તાની દેખરેખ, જમીન ધોવાણનું સર્વેક્ષણ |
| ભૂસ્તર શાસ્ત્ર અને ખાણકામ કમિશનર, ઉદ્યોગ અને ખાણ વિભાગ | : | ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ માટે ખાણકામ વિસ્તારોની દેખરેખ, ગેરકાયદેસર ખાણકામ અટકાવવા, ખનીજ લીઝ અને બ્લોક્સનું સર્વેક્ષણ |
| ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | : | તેલ અને કુદરતી ગેસની પાઈપલાઈનની દેખરેખ, પાવરલાઈનની દેખરેખ, ઓન શોર અને ઓફ શોર એસેટને સુરક્ષિત કરવા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| **શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ** | : | પાયલટ અને યુઝરની તાલીમ |
| **સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** | : | તબીબી સપ્લાય અને લોહીની ડિલીવરી |
| **ગુજરાત રાજ્ય આપતિ વ્યવસ્થાપન સત્તામંડળ** | : | બચાવ અને રાહત કાર્ય |
| **શહેરી વિકાસ વિભાગ** | : | જળાશયો અને સિંચાઈ નહેરોની દેખરેખ |
| **વન વિભાગ** | : | સિંહ ગણતરી, વન્યસંપદાનું ટ્રેકિંગ, મેપિંગ અને મોનિટરીંગ, ઈકોલોજીકલ ઓડિટ, શિકારને અટકાવવા |
| **નિયંત્રણ બોર્ડ** | : | ઉત્સર્જનની દેખરેખ |
| **મહેસુલ વિભાગ** | : | GIS આધારિત સર્વે અને મેપિંગ |
| **માર્ગ અને મકાન વિભાગ** | : | રિપેર કાર્યનો અંદાજ, ચાલુ પ્રોજેક્ટની દેખરેખ વગેરે |

## ભારતીય સેના માટે નવી સંરક્ષણ પ્રણાલી

તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે આર્મીના આધુનિકીકરણની યોજનાઓના ભાગરૂપે ભારતીય સેનાને F-INSAS, નિપુણ માઈન્સ, લેન્ડિંગ ક્રાફ્ટ એસોલ્ટ (LCA) સહિત અનેક સંરક્ષણ પ્રણાલીઓ સોંપી છે.



### F-INSAS સિસ્ટમ

F-INSASનું પૂરું નામ 'Future-Infantry Soldier as A system' (એક સિસ્ટમ તરીકે ભવિષ્યના સૈનિક) છે.

- તે પાયદળ સેનાના આધુનિકિકરણનો એક કાર્યક્રમ છે, જેનો ઉદ્દેશ્ય સૈનિકની ઓપરેશનલ ક્ષમતાને વધારવાનો છે.
- આ પ્રોજેક્ટ હેઠળ સૈનિકોને આધુનિક પ્રણાલીઓથી સજ્જ કરવામાં આવી રહી છે. જે હળવા, તમામ હવામાન, તમામ ભૂપ્રદેશ, ખર્ચ–અસરકારક અને ઓછી જાળવણી છે.
- તેને DRDO અને ઓર્ડનન્સ ફેક્ટરી ઈકોસિસ્ટમ સહિત ભારતીય સંસ્થાઓ દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન કરવામાં આવી છે.
- F-INSAS સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવેલા લશ્કરી–શસ્ત્રો અને સાધનો :

**(1) AK-203 એસોલ્ટ રાઈફલ્સ :**

- તે રશિયાની <u>ગેસ અને મેગેઝિન</u> દ્વારા સંચાલિત, સિલેક્ટ ફાયર એસોલ્ટ રાયફલ છે.
- તેની રેન્જ <u>300 મીટર</u> છે.

**(2) મલ્ટી-મોડ હેન્ડ ગ્રેનેડ :**

- તેનો ઉપયોગ <u>રક્ષણાત્મક અને આક્રમક</u> સ્થિતિમાં થઈ શકે છે.
- રક્ષણાત્મક મોડમા હેન્ડ ગ્રેનેડ ત્યારે ફેંકવામાં આવે છે. જ્યારે ફેંકનાર પાસે કવર ઉપલબ્ધ હોય છે.
- આક્રમક સ્થિતિમાં હેન્ડ ગ્રેનેડ ખંડિત થતા નથી અને તેના વિસ્ફોટથી વિરોધીને નુકસાન થાય છે.

**(3) બેલિસ્ટિક હેલ્મેટ અને બેલિસ્ટિક ગોગલ્સ :**

- તે <u>બુલેટ–પ્રુફ વેસ્ટ</u> સાથે સૈનિકોને નાના અસ્ત્રો અને ટુકડાઓથી બચાવવા માટે બેલિસ્ટિક <u>હેલ્મેટ અને બેલિસ્ટિક ગોગલ્સ</u> પ્રદાન કરે છે.
- હેલ્મેટ બુલેટ પ્રુફ જેકેટ સૈનિક <u>AK-47</u> રાઈફલમાંથી છોડવામાં આવતી 9 mmની ગોળીઓ અને દારૂગોળાથી બચાવવા માટે સક્ષમ છે.

**(4) અન્ય ઉપકરણ :**

- તે પરિસ્થિતિલક્ષી જાગૃતિ વધારવા માટે કમાન્ડ પોસ્ટ્સ અને સાથી સૈનિકો સાથે વાસ્તવિક સમયની માહિતીની આપ–લે હેન્ડ્સ–ફ્રી, સુરક્ષિત અદ્યતન સંચાર સેટ સાથે આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નિપુણ માઈન્સ


<u>નિપુણ માઈન્સ</u> સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવેલ <u>એન્ટિ–પર્સનલ માઈન્સ</u> છે.

- જેને DRDOએ <u>'સોફ્ટ ટાર્ગેટ બ્લાસ્ટ મ્યુનિશન'</u> નામ આપ્યું છે.
- <u>એન્ટિ–પર્સનલ માઈન્સ</u>નો ઉપયોગ મનુષ્યો સામે થાય છે. જ્યારે <u>એન્ટિટેન્ક માઈન્સનો</u> ઉપયોગ ભારે વાહનો સામે થાય છે.
- રશિયાના <u>PFM-1 અને PFM-1S</u> સામાન્ય રીતે 'બટરફલાય માઈન' અથવા 'ગ્રીન પૈરટ' તરીકે ઓળખાય છે. બટરફલાય માઈન એ અત્યંત સંવેદનશીલ એન્ટિ–પર્સનલ લેન્ડમાઈન છે.
- આ માઈન્સ ઘૂસણખોરો અને દુશ્મન પાયદળ સામે સંરક્ષણની પ્રથમ લાઈન તરીકે કામ કરે છે.
- તેઓ કદમાં નાના હોય છે અને મોટી સંખ્યામાં તૈનાત કરી શકાય છે.
- તેઓ સરહદો પર સૈનિકોને સુરક્ષા પૂરી પાડે છે અને તેમના શસ્ત્રાગારમાં હાલની એન્ટિ–પર્સનલ માઈન્સ કરતા વધુ શક્તિશાળી અને અસરકારક છે.

## લેન્ડિંગ ક્રાફ્ટ એસોલ્ટ (LCA)

લેન્ડિંગ ક્રાફ્ટ એસોલ્ટ (LCA) એ પેંગોંગ ત્સે તળાવમાં વર્તમાન ઉપયોગમાં લેવાતી મર્યાદિત ક્ષમતા ધરાવતી બોટના રિપ્લેસમેન્ટ તરીકે કામ કરવા માટે છે.

- તેમણે પૂર્વ લદ્દાખમાં પાણીના અવરોધોને પાર કરવાની ક્ષમતામાં વધારો કર્યો છે.
- ભારતીય નૌકાદળમાં આવા જહાજો પહેલેથી જ કાર્યરત છે.



1. તાજેતરમાં કઈ ભારતીય મહિલા ખેલાડી અંડર–20 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે ?

(A) સુશ્રી પૂજા ગેહલોત (B) સુશ્રી અંતિમ પંઘાલ
(C) સુશ્રી સરિતા મોર (D) સુશ્રી અંશુ મલિક (B)

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ સુશ્રી અંતિમ પંઘાલ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) રેસલિંગ (B) જેવેલિન થ્રો (C) ડિસ્ક થ્રો (D) જૂડો (A)

3. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડ્રોન પ્રમોશન અને યુસેજ પોલિસી જાહેર કરી હતી. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ નીતિનો કાર્યકાળ પાંચ વર્ષનો રાખવામાં આવ્યો છે.
2. આ નીતિ અથવા પોલિસી અંતર્ગત ડ્રોન સેવા ઈકો સિસ્ટમમાં રોજગારીની તકો વધારીને 25,000 જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન કરવાનું લક્ષ્યાંક છે.
3. આ પોલિસી અથવા નીતિના અમલિકરણ માટે ગુજરાતની ચાર પ્રસિદ્ધ યુનિવર્સિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે આર્મીના આધુનિકિકરણની યોજનાઓના ભાગરૂપે ભારતીય સેનાને અનેક સંરક્ષણ પ્રણાલીઓ સોંપી છે. તેમાની એક F-INSAS સિસ્ટમ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. F-INSASનું પૂરું નામ 'Future- Infantry Solider as A System' છે.
2. તે પાયદળ સેનાના આધુનિકિકરણનો એક કાર્યક્રમ છે. જેનો ઉદ્દેશ્ય સૈનિકની ઓપરેશનલ ક્ષમતાને વધારવાનો છે.
3. તેને DRDO અને ઓર્ડનન્સ ફેક્ટરી ઈકોસિસ્ટમ સહિત ભારતીય સંસ્થાઓ દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન કરવામાં આવી છે.
4. આ સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવેલા લશ્કરી–શસ્ત્રો અને સાધનોમાં AK-203 એસોલ્ટ રાઈફલ, મલ્ટિ–મોડ હેન્ડ ગ્રેનેડ, બેલિસ્ટિક હેલ્મેટ અને ગોગલ્સનો સમાવેશ થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

## મિથિલા મખાનાને GI ટેગ

તાજેતરમાં સરકારે મિથિલા મખાનાને ભૌગોલિક સંકેત (GI) ટેગ આપ્યો છે.

- બિહાર સરકારના પ્રયાસો બાદ મિથિલા મખાનાને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી છે.

### મિથિલા મખાના



મિથિલા મખાના અથવા માખણ એ બિહાર અને નેપાળના મિથિલા પ્રદેશમાં ઉગાડવામાં આવતી મખાનાની એક વિશેષ જાત છે.

- તેનું વાનસ્પતિક નામ **'Euryle Ferox Salisub'** છે.
- મખાના એ મિથિલાની ત્રણ પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક ઓળખમાંની એક છે.
- પાન, માખણ અને મચ્છ (માછલી) એ મિથિલાની ત્રણ પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક ઓળખ છે.
- મખાનામાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, આયર્ન અને ફોસ્ફરસ જેવા સૂક્ષ્મ પોષકતત્વોની સાથે પ્રોટીન અને ફાઈબર હોય છે.
- મિથિલા મખાનાને GI ટેગ મળ્યા બાદ તેમના પ્રિમિયમ ઉત્પાદનની મહત્તમ કિંમત મેળવવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### GI Tag

GI Tagનું પૂરું નામ **'Geographical Indication'** (ભૌગોલિક સંકેત) **GI Tag** છે.

- GI ટેગ એ કોઈ વિશિષ્ટ ઓળખ ધરાવતી પ્રોડક્ટને આપવામાં આવતું એક ચિહ્ન છે.
- કોઈ ચોક્કસ વિસ્તારમાં (ગામ, શહેર, ક્ષેત્ર, પ્રદેશમાં) ઉત્પન્ન થતી અથવા તો બનાવવામાં આવતી પરંપરાગત, ઉચ્ચ ગુણવત્તા ધરાવતી અને પ્રતિષ્ઠિત પ્રોડક્ટને આ ચિહ્ન આપવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ વખત પશ્ચિમ બંગાળની દાર્જીલિંગ ચાને GI Tag આપવામાં આવ્યો હતો.
- જ્યારે ગુજરાતમાંથી સૌપ્રથમ વખત સંખેડા ફર્નિચરને આ ટેગ આપવામાં આવ્યો હતો.
- ભારતમાં ભૌગોલિક સંકેતોની નોંધણી **'Geographical Indication of Goods (Registration and Protection) Act, 1999'** દ્વારા નિયંત્રિત થાય છે.
- આ ભૌગોલિક સંકેતની નોંધણી 10 વર્ષના સમયગાળા માટે માન્ય હોય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## મહારાષ્ટ્રમાં 'દહીં હાંડી'ને સત્તાવાર રમતનો દરજ્જો આપવામાં આવ્યો



ખોખો અને કબડ્ડીની જેમ હવે મહારાષ્ટ્રમાં દહીં હાંડીને પણ તાજેતરમાં રમતનો દરજ્જો આપવામાં આવ્યો છે.

- હવે તેને એક પ્રકારની એડવેન્ચર સ્પોર્ટ્સ ગણવામાં આવશે.
- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેએ વિધાનસભામાં જણાવ્યું હતું કે દહીં હાંડીમા જોડાતા ગોવિંદાઓને સરકારી યોજનાઓનો લાભ આપવામાં આવશે. તથા સરકારી નોકરીઓમાં 5% અનામત મળશે.
- ગોવિંદાને પણ હવે વીમા કવચ આપવામાં આવશે.
- જો દહીં હાંડી રમત વખતે કોઈ અકસ્માત થાય અને આવી સ્થિતિમાં કોઈ ગોવિંદાનું મૃત્યુ થાય તો સંબંધિત ગોવિંદાના પરિવારને 10 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.
- ગોવિંદાની આંખ અથવા બંને પગ અથવા બંને હાથ અથવા શરીરના કોઈપણ બે મહત્વપૂર્ણ ભાગોમાં ગંભીર ઈજાના કિસ્સામાં રાજ્ય સરકાર તેને સાડા સાત લાખ રૂપિયાની સહાય રકમ આપશે.
- આવી સ્થિતિમાં જો કોઈ ગોંવિદાને હાથ, પગ અથવા શરીરનો કોઈ ભાગ ગુમાવે તો આવી સ્થિતિમાં તેને 5 લાખ રૂપિયાની સહાય રકમ આપવામાં આવશે.

### દહીં હાંડી શું છે ?



દહીં હાંડી એ જન્માષ્ટમી ઉત્સવનો એક ભાગ છે.

- દહીં હાંડી ઉત્સવની ઉજવણી કરવા માટે દહીં અથવા માખણથી ભરેલા માટીના વાસણને દોરડાની મદદથી લટકાવવામાં આવે છે.
- આ ઉત્સવમાં ભાગ લેનારાઓને ગોવિંદા કહેવામાં આવે છે.
- ગોવિંદાઓનું જૂથ માનવ પિરામિડ બનાવીને દોરડાની મદદથી લટકાવેલ દહીં અને માખણથી ભરેલા વાસણને તોડવાનો પ્રયાસ કરે છે.
- મુંબઈમાં વર્ષ 1907માં શરૂ થયેલી દહીં હાંડીની પરંપરા નવી મુંબઈ નજીક ઘણસોલી ગામમાં 104 વર્ષથી ઉજવણી કરે છે.
- દહીં હાંડી ઉત્સવ જોવા માટે દેશ જ નહીં વિદેશમાંથી પણ લોકો અહીં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ લોન્ચ કરવામાં આવી

કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્રસિંહે તાજેતરમાં પુણેમાં **KPIT-CSIR** દ્વારા ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત 'હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ' (HFC) લોન્ચ કરી હતી.

- લાંબા અંતરના રૂટ પર ચાલતી ડીઝલ બસોની સરખામણીમાં આ બસ શૂન્ય ઉત્સર્જન ધરાવે છે, ડીઝલ બસો સામાન્ય રીતે વાર્ષિક 100 ટન $CO_2$ ઉત્સર્જન કરે છે.
- $CO_2$ ઉત્સર્જન સંદર્ભમાં ભારતમાં લગભગ 12-14 ટકા $CO_2$ ઉત્સર્જન ડીઝલ સંચાલિત ભારે વાહનોમાંથી આવે છે.
- હાઈડ્રોજન ઈંધણ સેલ વાહનો પ્રદેશમાં રસ્તા પરના ઉત્સર્જનને દૂર કરવા માટે એક ઉત્તમ સાધન સાબિત થશે.

## હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ટેકનોલોજી શું છે ?




હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ટેકનોલોજીમાં વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરવા માટે હાઈડ્રોજન અને ઓક્સિજન વચ્ચે રાસાયણિક પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

- સરળ ભાષામાં કહીએ તો હાઈડ્રોજન ફ્યુઅલ સેલ એ ઈલેક્ટ્રોકેમિકલ ઉપકરણ છે જે હાઈડ્રોજનને વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરે છે.
- તે પેટ્રોલ અથવા ગેસ જેવા પરંપરાગત અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ કરતું નથી.
- ઈંધણ સેલ ઈલેક્ટ્રિક વાહનોમાં જોવા મળતી પરંપરાગત બેટરીની જેમ જ કામ કરે છે, પરંતુ તે ડિસ્ચાર્જ થતી નથી અને તેમને વીજળીથી ચાર્જ કરવાની જરૂર નથી.
- જ્યાં સુધી હાઈડ્રોજન ઉપલબ્ધ છે ત્યાં સુધી તે વીજળી ઉત્પન્ન કરવાનું ચાલુ રાખે છે.
- આ ફ્યુઅલ સેલ ટેકનોલોજીની સૌથી મોટી વિશેષતા એ છે કે તે માત્ર પાણીનું ઉત્સર્જન કરે છે.
- આમ અન્ય વાયુ પ્રદૂષકોની સાથે હાનિકારક ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને પણ ઘટાડે છે. તેથી આ તકનીકી પરિવહનનું સૌથી પર્યાવરણને અનુકૂળ માધ્યમ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ : Switch Eiv 22



કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ તાજેતરમાં મુંબઈમાં અશોક લેલેન્ડ દ્વારા વિકસિત 'Switch Eiv 22'નામની ભારતની પ્રથમ એસી ડબલ ડેકર ઈલેક્ટ્રિક બસ લોન્ચ કરી હતી.

- બસ માત્ર 45 મિનિટના ચાર્જ સાથે 100 કિમીની રેન્જ હાંસલ કરી શકે છે.
- જ્યારે સંપૂર્ણ ચાર્જ કરવામાં 80 મિનિટનો સમય લાગે છે અને તે નિકલ, મેંગેનીઝ અને કોબાલ્ટ (NMC) બેટરી દ્વારા સંચાલિત છે જે 8 વર્ષની વોરંટી સાથે આવે છે.
- Switch Eiv 22 સિંગલ–ડેકર બસ કરતા લગભગ બમણા મુસાફરોને લઈ જઈ શકે છે.
- આ ઈલેક્ટ્રિક ડબલ ડેકર શહેરી સફર માટે એક આદર્શ ઉકેલ તરીકે કામ કરે છે.
- ભવિષ્યમાં ભારતમાં સામૂહિક જાહેર પરિવહનમાં ઈલેક્ટ્રિક બસો મહત્વની ભૂમિકા ભજવી શકે છે.
- તે ઈંધણ આયાત બિલ ઘટાડવાની સરકારની પહેલને ટેકો આપશે તે વાયુ પ્રદૂષણને રોકવામાં મદદ કરશે.



1. તાજેતરમાં ભારતના કયા પ્રદેશમાં થતા 'મિથિલા મખાના'ને GI ટેગ આપવામાં આવ્યો છે ?

(A) દાર્જીલિંગ (B) બિહાર (C) કેરળ (D) રાજસ્થાન **(B)**

2. ભારતમાંથી સૌપ્રથમ વખત કયા રાજ્યની દાર્જીલિંગ ચાને GI ટેગ આપવામાં આવ્યો છે ?

(A) આસામ (B) અરૂણાચલ પ્રદેશ (C) સિક્કિમ (D) પશ્ચિમ બંગાળ **(D)**

3. ગુજરાતમાંથી સૌપ્રથમ વખત કઈ પ્રોડક્ટને GI ટેગ આપવામાં આવ્યો છે ?

(A) કચ્છી ભરત (B) પાટણના પટોળા

(C) જામનગરી બાંધણી (D) સંખેડા ફર્નિચર **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં કયા રાજ્યમાં 'દહીં હાંડી'ને સત્તાવાર રમતનો દરજ્જો આપવામાં આવ્યો છે ?

(A) મહારાષ્ટ્ર (B) ઉત્તરપ્રદેશ (C) હરિયાણા (D) રાજસ્થાન **(A)**

5. તાજેતરમાં ભારતમાં ..........દ્વારા ભારતની પથમ સ્વદેશી રીતે વિકસિત 'હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ' (HFC) લોન્ચ કરી હતી.

(A) KPIT-CSIR (B) DRDO-NPCT

(C) NPCT-VINL (D) MNKL-CSIR **(A)**

6. તાજેતરમાં કયા સ્થળે અશોક લેલેન્ડ દ્વારા વિકસિત 'Switch Eiv 22' નામની ભારતની પ્રથમ એસી ડબલ ડેકર ઈલેક્ટ્રિક બસ લોન્ચ કરી હતી ?

(A) લખનૌ (B) બેંગ્લોર (C) ભૂવનેશ્વર (D) મુંબઈ **(D)**

## દિવસ મહિમા : 23 ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય ગુલામ વ્યાપાર અને તેના અંતની યાદગારીનો દિવસ

## ચંદીગઢ એરપોર્ટનું નામ શહીદ ભગત સિંહના નામ પર રાખવામાં આવશે

તાજેતરમાં પંજાબ અને હરિયાણાએ ચંદીગઢ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નામ 'શહીદ ભગતસિંહ'ના નામ પર રાખવાનો નિર્ણય કર્યો છે.

- આ એરપોર્ટના નામને લઈને પંજાબ અને હરિયાણા વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો, કારણ કે કેન્દ્ર સરકાર સિવાય પંજાબ અને હરિયાણા પણ તેના નિર્માણમાં હિસ્સો ધરાવે છે.
- અગાઉ પંજાબ એસેમ્બલીએ એરપોર્ટનું નામ 'શહીદ–એ–આઝમ સરદાર ભગત સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ, મોહાલી' રાખવાનો ઠરાવ પસાર કર્યો હતો, પરંતુ હરિયાણાએ તેનો વિરોધ કર્યો હતો કારણ કે તેનું નામ મોહાલી રાખવામાં આવ્યું હતું.
- એરપોર્ટનું ટર્મિનલ પંજાબના મોહાલીમાં આવેલું છે.
- તે ભારતીય એરપોર્ટ ઓથોરિટી, પંજાબ અને હરિયાણા સરકારનો રૂ. 485 કરોડનો સંયુક્ત પ્રોજેક્ટ છે.

## ભારતીય શેરબજારના બિગબુલ શ્રી રાકેશ ઝુનઝુનવાલાનું નિધન

ભારતીય શેરબજારના નિષ્ણાત અને બિગબુલ ગણાતા શ્રી રાકેશ ઝુનઝુનવાલાનું તાજેતરમાં નિધન થયું છે.

### શ્રી રાકેશ ઝુનઝુનવાલા



શ્રી રાકેશ ઝુનઝુનવાલાનો જન્મ 5 જુલાઈ, 1960ના રોજ હૈદરાબાદ ખાતે થયો હતો.

- શ્રી રાકેશ ઝુનઝુનવાલા ભારતીય અબજોપતિ બિઝનેસ મેગ્નેટ, સ્ટોક ટ્રેડર અને રોકાણકાર હતા.
- તેમણે વર્ષ 1985માં રૂ. 5,000ની મૂડી સાથે રોકાણ કરવાનું શરૂ કર્યુ હતું.
- જે 37 વર્ષમાં શેરબજારમાં જ કરોડોના રોકાણ દ્વારા 2022 સુધીમાં 5.8 અબજ ડોલર એટલે કે આશરે રૂ. 46,000 કરોડથી વધુ રકમનું એમ્પાયર ઉભુ કર્યુ હતું.
- શ્રી રાકેશ ઝુનઝુનવાલાને 'ભારતના વોરેન બફેટ' અને 'બિગ બુલ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતના અબજોપતિઓમાં તેઓ 36મો ક્રમ ધરાવતા હતા જ્યારે વિશ્વના ધનિકોમાં તેમનો 440મો ક્રમ હતો.
- વર્ષ 2021માં તેમણે Akasha Air ભારતની ઓછી કિંમતની એરલાઈનની સહસ્થાપના કરી હતી. જેટ એરવેઝના ભૂતપૂર્વ CEO શ્રી વિનય દુબે સાથે એરલાઈનના 40% હિસ્સા માટે 400 મિલિયન ડોલરનું રોકાણ કર્યું હતું.

## ભારતના દિગ્ગજ ફૂટબોલ પ્લેયર શ્રી સમર બદરુ બેનરજીનું નિધન

ભારતીય ફૂટબોલ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન શ્રી સમર બદરુ બેનરજીનું તાજેતરમાં 92 વર્ષની વયે નિધન થયું છે.

### શ્રી સમર બેનર્જી



શ્રી સમર બદરુ બેનરજીનો જન્મ 30 જાન્યુઆરી, 1930ના રોજ બંગાળ પ્રેસિડેન્સીના બલ્લી, હાવડા ખાતે થયો હતો.

- તેઓ ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર હતા.
- વર્ષ 1956ની ઓલિમ્પિક ગેમ્સમાં ભારતીય ફૂટબોલ ટીમે તેમની આગેવાની હેઠળ ચોથા ક્રમ સુધીની સફર કરી હતી. જે ઓલિમ્પિકના ઈતિહાસમાં ભારતીય ફૂટબોલ ટીમનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ દેખાવ છે.
- તેમને 'બદરુદા' તરીકે પણ ઓળખવામાં આવતા હતા.
- તેઓ બાલી પ્રોટીવા ક્લબ, બંગાળ નાગપુર રેલવે અને મોહન બાગાન ક્લબ તરફથી પણ રમ્યા હતા.
- તેમણે એક કોચ તરીકે પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. અને આ ભૂમિકામાં તેમણે મોહન બાગાનને અનેક ટ્રોફીઓ અપાવી છે.



1. 'આંતરરાષ્ટ્રીય ગુલામ વ્યાપાર અને તેના અંતની યાદગારીના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 ઓગસ્ટ (B) 21 ઓગસ્ટ (C) 22 ઓગસ્ટ (D) 23 ઓગસ્ટ (D)

2. ચંદીગઢ એરપોર્ટનું નામ કોના પરથી રાખવામાં આવશે ?

(A) શહીદ ભગત સિંહ (B) શ્રી લાલા લજપતરાયજી

(C) મહાત્મા ગાંધીજી (D) શ્રી સુખદેવ થાપર (A)

3. તાજેતરમાં શ્રી રાકેશ ઝુનઝુનવાલાનું નિધન થયું હતું. તેઓ કયા ક્ષેત્રે જાણીતા હતા ?

(A) ભારતીય શેર બજાર (B) રાજકીય

(C) સમાજશાસ્ત્રી (D) ભારતીય સંગીત (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. ભારતીય શેર બજારમાં નીચેના પૈકી કોણ 'બિગ બુલ' અને 'ભારતના વોરેન બફેટ' તરીકે પ્રસિદ્ધ હતા ?

(A) શ્રી મુકુલ અગ્રવાલ (B) શ્રી આશિષ ધવન

(C) શ્રી મોહનીશ પબારી (D) શ્રી રાકેશ ઝુનઝુનવાલા (D)

5. તાજેતરમાં શ્રી સમર બદરુ બેનરજીનું નિધન થયું છે. તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ?

(A) ક્રિકેટ (B) ફૂટબોલ (C) હોકી (D) ટેનિસ (B)

## દિવસ મહિમા : 24 ઓગસ્ટ, વિશ્વ ગુજરાતી ભાષા દિવસ (World Gujarati Language Day)



દર વર્ષે 24 ઓગસ્ટ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે.

- 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ને 'વિશ્વ ગુજરાતી દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ગુજરાતી ગદ્યના પ્રણેતા શ્રી વીર નર્મદનો જન્મ દિન 24 ઓગસ્ટ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી નર્મદશંકર લાલશંકર દવેનો જન્મ 24 ઓગસ્ટ, 1833ના રોજ ગુજરાતના સુરતમાં થયો હતો.

**નોંધ :** 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' 24 ઓગસ્ટના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ માતૃભાષા દિવસ' 21 ફેબ્રુઆરીના રોજ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પેરાગ્વેમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમા અને ભારતીય દૂતાવાસ

ભારતના વિદેશમંત્રી શ્રી એસ. જયશંકરે દક્ષિણ અમેરિકાની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત દરમિયાન પેરાગ્વેમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.

- આ પ્રતિમા પેરાગ્વેની રાજધાની અસુનસીયનમાં આવેલી છે.
- આ ઉપરાંત પેરાગ્વેની રાજધાની અસુનસીયન (Asuncion)માં નવ નિર્મિત ભારતીય દૂતાવાસની ઈમારતનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- તથા પેરાગ્વેના નિર્માણમાં યોગદાન આપનારા રાષ્ટ્રીય નાયકો અને રાષ્ટ્ર માટે બલિદાન આપનારા શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

### પેરાગ્વે

પેરાગ્વે દક્ષિણ અમેરિકામાં સ્થિત એક લેન્ડલોક દેશ છે.

- તે 14 મે, 1811ના રોજ સ્પેનથી સ્વતંત્ર થયું હતું.
- તેની રાજધાની અને સૌથી મોટું શહેર અસુનસીયન (અથવા અસુન્સિયન) છે.
- તેની સત્તાવાર ભાષાઓ સ્પેનિશ અને ગુઆરાની છે.
- પેરાગ્વેનું ક્ષેત્રફળ 4,06,796 ચોરસ મીટર છે.
- શ્રી મારિયો અબ્દો બેનિટેઝ હાલમાં પેરાગ્વેના રાષ્ટ્રપતિ છે.
- તેનું ચલણ ગુઆરાની છે.

## ભારતની પ્રથમ SSA વૈધશાળા : ઉત્તરાખંડ

ઉત્તરાખંડના ગઢવાલ ક્ષેત્રમાં ભારતની પ્રથમ કોમર્શિયલ સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ (SSA) વૈધશાળાની સ્થાપના કરવામાં આવશે.

- અંતરિક્ષ ક્ષેત્રે શરૂ થયેલ સ્ટાર્ટઅપ દિગંતરા આ લેબોરેટરીનું નિર્માણ કરશે.

### વૈધશાળા



સ્ટાર્ટ–અપ્સની SSA ક્ષમતાઓને વધારવા માટે આ પ્રદેશમાં તેના પ્રકારની પ્રથમ વૈધશાળાની સ્થાપના કરવામાં આવી છે.

- તેને વૈશ્વિક અવકાશ ટ્રાફિક વ્યવસ્થાપન કાર્યો માટે વ્યૂહાત્મક રીતે તૈનાત કરવામાં આવશે.
- તે અવકાશમાં કોઈપણ પ્રવૃત્તિને ટ્રેક કરવામાં મદદ કરશે, જેમાં અવકાશના કાટમાળ અને વિસ્તાર પર ફરતા લશ્કરી ઉપગ્રહોનો સમાવેશ થાય છે.
- અમેરિકા હાલમાં અવકાશના કાટમાળ પર દેખરેખ રાખતી મુખ્ય એજન્સી છે.
- અવકાશ ક્ષેત્રના જ્ઞાનને વધારવા માટે આવશ્યક ડેટા સ્ત્રોત તરીકે સેવા આપીને રાષ્ટ્રની પ્રગતિમાં વૈધશાળા નિમિત્ત બનશે.
- તે લો અર્થ ઓર્બિટ (LEO)થી જીઓસિંક્રોનસ ઓર્બિટ (GEO) સુધીની ભ્રમણકક્ષામાં ઉપગ્રહો અને કાટમાળને મોનિટર કરવાના તેના મિશનમાં અવકાશ–આધારિત સેન્સર્સને પૂરક બનાવી શકશે.

### SSA

સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ (SSA) એટલે પૃથ્વીની ભ્રમણકક્ષામાં રહેલા પદાર્થોનું નિરિક્ષણ કરવું અને તે કોઈપણ સમયે કયાં હશે તેની આગાહી કરવી.

- તેમાં તમામ કુદરતી (ઉલ્કા) અને માનવ નિર્મિત (ઉપગ્રહ) અને અવકાશ હવામાન–ટ્રેકિંગ ઓબ્જેક્ટ્સની ગતિનું નિરીક્ષણ શામેલ છે.
- SSAને સામાન્ય રીતે ત્રણ મુખ્ય ક્ષેત્રોને આવરી લેવા તરીકે ઓળખવામાં આવે છે :

(1) માનવસર્જિત વસ્તુઓનું અવકાશ સર્વેલન્સ અને ટ્રેકિંગ (SST)

(2) અવકાશ હવામાન (SWE) મોનિટરીંગ અને આગાહી

(3) નિયર–અર્થ ઓબ્જેક્ટ્સ (NEO) મોનિટરિંગ (માત્ર કુદરતી વાસ્તુઓ)


## ભારતની SSA ક્ષમતા

ભારત શ્રી હરિકોટા રેન્જ (આંધ્રપ્રદેશ)માં મલ્ટી ઓબ્જેક્ટ ટ્રેકિંગ રડારનો ઉપયોગ કરે છે, પરંતુ તેની એક સીમા છે.

- વધુમાં ભારત માટે SSA નોર્થ અમેરિકન એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ (NORAD) અને અન્ય જાહેર ડોમેન્સમાં ઉપલબ્ધ ડેટા પર આધાર રાખે છે.
- જોકે આ પ્લેટફોર્મ સચોટ અથવા વ્યાપક માહિતી પ્રદાન કરતા નથી.

## નોડલ એજન્સી

SSA તરફના ISROના પ્રયાસોનું સંકલન તેના મુખ્યમથક, બેંગ્લોર ખાતેના SSA નિયંત્રણ કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું. અને તેનું સંચાલન અવકાશ પરિસ્થિતિ જાગૃતિ અને વ્યવસ્થાપન નિયામક દ્વારા કરવામાં આવે છે.



1. 'વિશ્વ ગુજરાતી દિવસ' અથવા તો 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ઓગસ્ટ (B) 23 ઓગસ્ટ (C) 24 ઓગસ્ટ (D) 25 ઓગસ્ટ (C)

2. કોનો જન્મદિન 24 ઓગસ્ટ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) મહાકવી પ્રેમાનંદ (B) ભક્ત કવિ નરસિંહ મહેતા

(C) કવિ દલપતરામ (D) કવિ નર્મદ (D)

3. 'વિશ્વ માતૃ ભાષા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 જાન્યુઆરી (B) 21 ફેબ્રુઆરી (C) 21 માર્ચ (D) 21 જૂન (B)

4. તાજેતરમાં ભારતના વિદેશમંત્રી શ્રી એસ. જયશંકરે કયા દેશમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ અને નવનિર્મિત ભારતીય દૂતાવાસનું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

(A) પેરાગ્વે (B) ઘાના (C) ઓમાન (D) મોરેશિયસ (A)

5. કયા સ્થળે ભારતની પ્રથમ કોમર્શિયલ સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ (SSA) વેધશાળાની સ્થાપના કરવામાં આવશે ?

(A) ઉત્તરાખંડના ગઢવાલ ક્ષેત્રમાં (B) મધ્યપ્રદેશના માળવા ક્ષેત્રમાં

(C) ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં (D) રાજસ્થાનના મારવાડ પ્રદેશમાં (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી રમેશબાબુ પ્રજ્ઞાનંદે શ્રી મેગ્નસ કાર્લસનને સતત ત્રીજી વખત હરાવ્યા



ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર 16 વર્ષીય શ્રી આર. પ્રજ્ઞાનંદે આ વર્ષે ત્રીજી વખત વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસનને હરાવ્યા હતા.

- તેમણે Fix ક્રિપ્ટો કપના અંતિમ રાઉન્ડમાં શ્રી મેગ્નેસ કાર્લસનને 4-2 થી હરાવ્યા હતા.
- કાર્લસન સામેની જીત છતા અંતિમ ટેબલમાં બીજા સ્થાને રહ્યા હતા. કાર્લસને સૌથી વધુ પોઈન્ટ મેળવીને આ ખિતાબ જીત્યો હતો.
- શ્રી મેગ્નસ કાર્લસન વિશ્વના નંબર વન ચેસ ખેલાડી અને પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન તથા નોર્વેના ચેસ ગ્રાન્ડમાસ્ટર છે.
- શ્રી રમેશ બાબુ પ્રજ્ઞાનંદ ભારતના ચેસ ગ્રાન્ડ માસ્ટર છે.
- ગ્રાન્ડ માસ્ટરનું બિરુદ મેળવનાર તે પાંચમાં સૌથી યુવા વ્યક્તિ છે.
- તેમના બહેન સુશ્રી વૈશલી રમેશબાબુ પણ ચેસ પ્લેયર છે અને તેણે ઈન્ટરનેશનલ માસ્ટર્સ અને વુમન ગ્રાન્ડમાસ્ટરનો ખિતાબ પણ જીત્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી ફહમિદા અઝીમે પુલિત્ઝર પુરસ્કાર 2022 જીત્યો

બાંગ્લાદેશમાં જન્મેલા ચિત્રકાર અને વાર્તાલેખક સુશ્રી ફહમીદા અઝીમને 2022ના પુલિત્ઝર પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે.




- હાલમાં તેઓ એક અમેરિકન ઓનલાઈન મેગેઝિન ઈન્સાઈડર માટે કામ કરી રહ્યા છે.
- સુશ્રી ફહમીદા અઝીમને ન્યૂ યોર્કમાં તેની વિજેતા ટીમના સભ્યો એન્થોની ડેલ કોલ, જોશ એડમ્સ અને ઈનસાઈડર્સ વોલ્ટ હિકી સાથે 'How I Escaped a chinese Internment Camp'નામના સચિત્ર અહેવાલ માટે સન્માનિત કરવામાં આવ્યા છે.
- સુશ્રી ફહમિદા અઝીમનો જન્મ બાંગ્લાદેશમાં થયો હતો અને અમેરિકામાં સ્થાયી થયા હતા.
- તેમનું કાર્ય ઓળખ, સંસ્કૃતિ અને સવાયત્તતાના વિષયો પર કેન્દ્રિત છે.
- તેમની કૃતિઓ NPR, Glamour, Scientific American, The Intercept, Vice, The New York Times જેવા ઘણા આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રકાશિત થઈ છે.

## પુલિત્ઝર પુરસ્કાર

પુલિત્ઝર પુરસ્કાર એ મુખ્યત્વે પત્રકારત્વ (ઉપરાંત સાહિત્ય, સંગીત રચના, ઓનલાઈન પત્રકારત્વ) ક્ષેત્રે એનાયત થતો અમેરિકાનો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે.

- વર્ષ 1917માં શ્રી જોસેફ પુલિત્ઝર દ્વારા આ પુરસ્કારનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- શ્રી જોસેફ પુલિત્ઝર હંગેરી મૂળના અમેરિકન ન્યૂઝ પેપર પબ્લિશર હતા.
- હાલમાં આ પુરસ્કારનું સંચાલન અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલી કોલમ્બિયા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે.
- દર વર્ષે 20થી વધુ કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થાય છે.
- આ પુરસ્કાર અંતર્ગત દરેક કેટેગરીના દરેક વિજેતાને એક સર્ટિફિકેટ અને 15,000 ડોલરનો રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.
- જ્યારે આ પુરસ્કાર અંતર્ગત Public Service Categoryમાં એવોર્ડ વિજેતાને Gold Madal પણ એનાયત થાય છે.

## DRDOએ VL-SRSAM મિસાઈલનું પરીક્ષણ કર્યુ

તાજેતરમાં વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (VL-SRSAM)નું DRDO અને ઈન્ડિયન નેવી દ્વારા ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR), ચાંદિપુર (ઓડિશા) ખાતેથી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

- ભારતીય નૌકાદળના જહાજમાંથી Vertical Launch Capability દર્શાવવા માટે હાઈ સ્પીડ માનવરહિત હવાઈ લક્ષ્ય સામે પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.
- આ પરીક્ષણ પ્રક્ષેપણ દરમિયાન ITR ચાંદીપુર દ્વારા તૈનાત ઈલેક્ટ્રો–ઓપ્ટિકલ ટ્રેકિંગ સિસ્ટમ (EOTS), રડાર અને ટેલિમેટ્રો સિસ્ટમ જેવા વિવિધ શ્રેણીના સાધનો દ્વારા કેપ્ચર કરાયેલ ફલાઈટ ડેટાનો ઉપયોગ કરીને વિવિધ DRDO પ્રયોગશાળાઓના વરિષ્ઠ વૈજ્ઞાનિકો દ્વારા ફલાઈટ અને વાહન પ્રદર્શન પરિમાણોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

## VL-SRSAM વિશે



વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (VL-SRSAM)ને ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજો પર તૈનાત કરવા માટે DRDOના ત્રણ એકમો દ્વારા સંયુક્ત રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે.

- આ મિસાઈલ દરિયાઈ સ્કિમિંગ લક્ષ્યો સહિત નજીકના અંતરે વિવિધ હવાઈજન્ય જોખમોને નિષ્ક્રિય કરવાની ક્ષમતા ધરાવે છે.
- દરિયાઈ સ્કિમિંગ એ રડાર અને ઈન્ફ્રારેડ ડિટેક્શનથી બચવા માટે ઘણી એન્ટિ–શિપ મિસાઈલો અને કેટલાંક ફાઈટર અથવા સ્ટ્રાઈક એરક્રાફ્ટ દ્વારા ઉપયોગમાં લેવાતી તકનીક છે.
- આ મિસાઈલ 40 થી 50 કિ.મી.ની રેન્જ ધરાવે છે.
- 15 કિ.મી સુધીના અંતરે અને લગભગ 15 કિ.મીની ઊંચાઈએ હાઈ–સ્પીડ એર ટાર્ગેટ પર હુમલો કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.
- તેની ડિઝાઈન અસ્ત્ર મિસાઈલ પર આધારિત છે, જે વિઝ્યુઅલ રેન્જની બહાર હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

1. તાજેતરમાં કયા ભારતીય યુવા ગ્રાન્ડ માસ્ટરે શ્રી મેગનસ કાર્લસનને સતત ત્રીજી વખત હરાવ્યા હતા ?

(A) શ્રી રમેશબાબુ પ્રજ્ઞાનંદ (B) શ્રી મૃગેશ ચંદ્રન

(C) શ્રી દીપેન ચક્રવતી (D) શ્રી અભિમન્યુ શાહ (A)

2. તાજેતરમાં બાંગ્લાદેશમાં જન્મેલા ચિત્રકાર અને વાર્તાલેખક ............ને 2022ના પુલિત્ઝર પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે ?

(A) સુશ્રી ફરાહ અહમદ (B) સુશ્રી તસ્લીમા ખાન

(C) સુશ્રી ફહમીદા આઝીમ (D) સુશ્રી સૂફીયા રહેમાન (C)

3. તાજેતરમાં DRDO અને ઈન્ડિયન નેવી દ્વારા ઓડિશાના ચાંદીપુરમાં ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ખાતેથી 'VL-SRSAM'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. VL-SRSAMનું પૂરું નામ 'વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ' છે.
2. તેને ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજો પર તૈનાત કરવા માટે DRDO દ્વારા સ્વદેશી રીતે વિકસિત અને ડિઝાઈન કરવામાં આવ્યું છે.
3. આ મિસાઈલ 40 થી 50 કિ.મીની રેન્જ ધરાવે છે.
4. આ મિસાઈલ દરિયાઈ સ્કિમિંગ લક્ષ્યો સહિત નજીકના અંતરે વિવિધ હવાઈ જન્ય જોખમોને નિષ્ક્રિય કરવાની ક્ષમતા ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 26 ઓગસ્ટ, મહિલા સમાનતા દિવસ

દર વર્ષે 26 ઓગસ્ટે સમગ્ર વિશ્વમાં 'મહિલા સમાનતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસે અમેરિકા સહિત સમગ્ર વિશ્વમાં મહિલા અધિકારોની વાત કરવામાં આવે છે અને દરેક જગ્યાએ કોન્ફરન્સ અને સેમિનારનું આયોજન કરવામાં આવે છે.
- તથા મહિલા સંગઠનો લોકોમાં મહિલા અધિકારો અંગે જાગૃતિ લાવવા અભિયાન ચલાવે છે.
- 26 ઓગસ્ટ, 1920ના રોજ અમેરિકામાં મહિલાઓને 19માં બંધારણીય સુધારા દ્વારા પ્રથમ વખત મત આપવાનો અધિકાર મળ્યો હતો. આ પહેલા ત્યાં મહિલાઓને બીજા વર્ગના નાગરિકોનો દરજ્જો હતો.
- 1971થી 26 ઓગસ્ટને 'મહિલા સમાનતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- ન્યુઝીલેન્ડ વિશ્વનો પ્રથમ દેશ છે જ્યાં વર્ષ 1893માં 'મહિલા સમાનતા'ની શરૂઆત કરવામાં આવી હતી.

## સ્ટોકહોમ વિશ્વ જળ સપ્તાહ 2022




વિશ્વ જળ સપ્તાહ (World Water Week) 2022નું આયોજન 23 ઓગસ્ટથી 1 સપ્ટેમ્બર, 2022 દરમિયાન કરવામાં આવ્યું હતું.

- આ આયોજન 'સ્ટોકહોમ ઈન્ટરનેશનલ વોટર ઈન્સ્ટિટ્યૂટ' (SIWI) દ્વારા કરવામાં આવે છે.

### થીમ

વિશ્વ જળ સપ્તાહ 2022ની થીમ 'Seeing The Unseen : The Value of Water' છે.

- આ થીમ ત્રણ મુખ્ય પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જે નીચે મુજબ છે :

(1) લોકોમાં અને વિકાસમાં પાણીનું મુલ્ય

(2) આબોહવા પરિવર્તન અને પ્રકૃતિમાં પાણીનું મહત્વ

(3) પાણીનું આર્થિક મૂલ્ય અને નાણાકીય મૂલ્ય

### 2022ના વિશ્વ જળ સપ્તાહ દિવસનું ફોકસ

આ વર્ષે વિશ્વ જળ સપ્તાહ નીચેની બાબતો ધ્યાનમાં રાખીને ઉજવવામાં આવ્યું હતું.

(a) યુએન–વોટર કોન્ફરન્સ, 2023

(b) વિશ્વ શૌચાલય દિવસ, 2023

(c) સમાજમાં પાણી અને સ્વચ્છતાનું મહત્વ

## વિશ્વ જળ સપ્તાહ

વિશ્વ જળ સપ્તાહ એ વર્ષ 1991થી સ્ટોકહોમ ઈન્ટરનેશનલ વોટર ઈન્સ્ટિટ્યૂટ (SIWI) દ્વારા વૈશ્વિક જળ સમસ્યાઓ અને આંતરરાષ્ટ્રીય વિકાસ સંબંધિત ચિંતાઓને દૂર કરવા માટે આયોજિત વાર્ષિક ઈવેન્ટ છે.

- આ સપ્તાહ દરમિયાન નિષ્ણાતો સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ 6 પર કેન્દ્રિત કરતા કાર્યક્રમની ચર્ચા કરે છે.
- SDG 6 : બધા માટે પાણીની પહોંચ સુનિશ્ચિત કરવા માટે સમર્પિત છે.
- આ સપ્તાહ પાણીની અછતના પ્રશ્નોના નિરાકરણ, ગરીબી, જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન, ખાદ્ય સુરક્ષા અને આરોગ્ય પર જળ સંકટની અસરને સંબોધવા માટે પણ ઉજવવામાં આવે છે.

નોંધ: (1) વિશ્વ પ્રસિદ્ધ સ્ટોકહોમ પ્રાઈઝ વિશ્વ જળ સપ્તાહ દરમિયાન આપવામાં આવે છે. SIWI આ એવોર્ડ આપે છે.

(2) એવોર્ડ વિજેતાની જાહેરાત 22 માર્ચે ઉજવાતા વિશ્વ જળ દિવસ પર કરવામાં આવે છે.

(3) વર્ષ 2022માં આ પુરસ્કાર વિલ્ફ્રેડ બ્રુટ્સર્ટ (Wilfried Brustsaert)એ જીત્યો હતો.

## One nation One Fertiliser

રસાયણ અને ખાતર મંત્રાલયે જાહેરાત કરી છે કે 'પ્રધાનમંત્રી ભારતીય જનુરવારક પરિયોજના' (PMBJP) નામની ખાતર સબસિડી યોજના હેઠળ 'ખાતરો અને લોકો માટે સિંગલ બ્રાન્ડ' રજૂ કરીને વન નેશન વન ફર્ટિલાઈઝર લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- આ યોજના હેઠળ તમામ પ્રકારના ખાતરો ભારતમાં એક જ બ્રાન્ડ નામ 'ભારત' હેઠળ વેચવામાં આવશે.
- આ ઉપરાંત સરકારે ખાતર સબસિડી યોજનાનું નામ બદલીને 'પ્રધાનમંત્રી જનુવારક પરિયોજના' (PMBJP) કર્યુ છે.

## One Nation One Fertiliser

વન નેશન વન ફર્ટિલાઈઝર (ONOF) અથવા એક રાષ્ટ્ર એક ખાતર હેઠળ કંપનીઓને તેમના નામ, બ્રાન્ડ, લોગો અને અન્ય પ્રોડક્ટની માહિતી તેમની બેગના માત્ર એક તૃતીયાંશ ભાગ પર પ્રદર્શિત કરવાની છૂટ છે.

- બાકીના બે–તૃતીયાંશ સ્થાને 'ભારત' બ્રાન્ડ અને પ્રધાનમંત્રી ભારતીય જન ખાતરનો પ્રોજેક્ટ લોગો પ્રદર્શિત કરવાનો રહેશે.
- યુરિયા, ડી–એમોનિયમ ફોસ્ફેટ ડીએપી, મ્યૂરેટ ઓફ પોટાશ (MPO) અને નાઈટ્રોજન ફોસ્ફરસ પોટેશિયમ NPK વગેરે માટે એક જ બ્રાન્ડ નામ ક્રમશઃ ભારત યુરિયા, ભારત ડીએપી, ભારત MOP અને ભારત NPK વગેરે તમામ ખાતર કંપનીઓ, રાજ્ય વેપાર સંગઠનો અને ખાતર માર્કેટિંગ સંસ્થાઓને માટે એક જ બ્રાન્ડ હશે.


JOIN WHATSAPP GROUP / joinicerajkot.com

- આ યોજના જાહેર અને ખાનગી ક્ષેત્રની બંને કંપનીઓને લાગુ પડે છે.
- આનાથી દેશભરની ખાતરની બ્રાન્ડ્સમાં એકરૂપતા આવશે.

## શા માટે આ યોજનાની જરૂર પડી ?




- સરકારના જણાવ્યા અનુસાર એક જ બ્રાન્ડ નામ ખાતરની ક્રોસ મૂવમેન્ટને અટકાવીને નૂર ચાર્જ (ભાડા ચાર્જ અથવા પરિવહન ખર્ચ) ઘટાડવામાં મદદ કરશે.
- એવુ ઘણી વખત જોવામાં આવ્યું છે કે ઉત્તરપ્રદેશ સ્થિત એક ખાતર કંપની મહારાષ્ટ્રમાં તેનું ઉત્પાદન વેંચી રહી છે.
- જેના કારણે જે તે વિસ્તારમાં કોઈપણ કારણ વગર બ્રાન્ડ્સની માંગ વધી જાય છે અને જ્યારે પુરવઠો ન હોય ત્યારે લોકો અલગ બ્રાન્ડનું ખાતર સમાન હોવા છત્તા લેવાનું પસંદ કરતા નથી.
- આનાથી ચોક્કસ વિસ્તારોમાં ખાતરોની બ્રાન્ડ મુજબની માંગ ઉભી થઈ જેના કારણે ખાતરની અછત ઉભી થઈ તથા સ્થાનિક ઉત્પાદકોને નુકસાન થયું.
- આથી વન નેશન વન ફર્ટિલાઈઝરના વિચાર પાછળનું એક કારણ આ વસ્તુઓને રોકવાનું છે.



1. 'મહિલા સમાનતા દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) 25 ઓગસ્ટ (B) 26 ઓગસ્ટ (C) 27 ઓગસ્ટ (D) 28 ઓગસ્ટ (B)

2. 'સ્ટોકહોમ વિશ્વ જળ સપ્તાહ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ વોટર ઈન્સ્ટિટ્યૂટ (SIWI) દ્વારા 'વિશ્વ જળ સપ્તાહ 2022'નું આયોજન 23 ઓગસ્ટથી 1 સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવ્યું હતું.
2. વિશ્વ જળ સપ્તાહ 2022ની થીમ 'Seeing the unseen : The Value of Water' હતી.
3. વિશ્વ જળ સપ્તાહ વર્ષ 1991થી આયોજિત વાર્ષિક ઈવેન્ટ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

3. તાજેતરમાં રસાયણ અને ખાતર મંત્રાલયે કરેલી જાહેરાત 'One Nation One Fertiliser' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પ્રધાનમંત્રી ભારતીય અનુવારક પરિયોજના' (PMBJP)નામની ખાતર સબસિડી યોજના હેઠળ ખાતરો માટે એક જ બ્રાન્ડ 'વન નેશન વન ફર્ટિલાઈઝર' લાગુ કરવામાં આવશે.
2. આ યોજના હેઠળ તમામ પ્રકારના ખાતરો ભારતમાં એક જ બ્રાન્ડ નામ 'ભારત' હેઠળ વેંચવામાં આવશે.
3. આ યોજના ખાતરની જાહેર અને ખાનગી ક્ષેત્રની બંને કંપનીઓને લાગુ પડે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી એન્જેલો મર્કેલને 2022નો યુનેસ્કો શાંતિ પુરસ્કાર એનાયત

ભૂતપૂર્વ જર્મન ચાન્સેલર સુશ્રી એન્જેલો મર્કેલને શરણાર્થીઓને આવકારવાના તેમના પ્રયત્નો બદલ 2022 યુનેસ્કો શાંતિ પુસ્કાર (UNESCO Peace Prize) એનાયત કરવામાં આવ્યો છે.

- જ્યુરીના અધ્યક્ષ અને 2018 નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા ડેનિસ મુકવેગે સહિત તમામ જ્યુરી સભ્યો 2015માં સીરિયા, ઈરાક, અફઘાનિસ્તાન અને એરિટ્રિયાના 1.2 મિલિયનથી વધુ શરણાર્થીઓને આવકારવાના સુશ્રી એન્જેલા મર્કેલના નિર્ણયથી પ્રભાવિત થયા હતા.

### સુશ્રી એન્જેલો મર્કેલ



સુશ્રી એન્જેલો મર્કેલનો જન્મ 17 જુલાઈ, 1954ના રોજ પશ્ચિમ જર્મનીના હેમ્બર્ગમાં થયો હતો.

- તેમનું પૂરું નામ એન્જેલા ડોરોથિયા કાસ્નર છે.
- તેઓ ભૌતિકશાસ્ત્રી તરીકે પ્રશિક્ષિત છે અને 1989માં બર્લિનની દિવાલના પતન પછી રાજકારણમાં પ્રવેશ્યા હતા.
- 2005ની રાષ્ટ્રીય ચૂંટણીમાં તેઓ જર્મનીના પ્રથમ મહિલા ચાન્સેલર બન્યા હતા અને યુરોપિય યુનિયનના અગ્રણી વ્યક્તિઓમાંના એક હતા.
- રાજકીય ક્ષેત્રે જોડાતા પહેલા તેઓ રિસર્ચ સાયન્ટિસ્ટ તરીકે કામ કરતા હતા.
- તેઓ જર્મનીના રાજકીય પાર્ટી ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન સાથે જોડાયેલા છે.

INSTITUTE FOR COMPETITIVE

નોંધ: (1) યુનેસ્કો શાંતિ પુરસ્કારને ઔપચારિક રીતે ફેલિક્સ હૌફોઉટ–બોઈની શાંતિ પુરસ્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) યુનેસ્કો શાંતિ પુરસ્કારની સ્થાપના 1989માં સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અને યુનેસ્કોના બંધારણ હેઠળ કરવામાં આવી હતી.

## મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્ક માટે MoU

તાજેતરમાં ભારત સરકારે સમગ્ર દેશમાં ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ આધુનિક મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP)ના ઝડપી વિકાસ માટે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

- તે માલ પરિવહનને કેન્દ્રીય બનાવવાનું અને આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ લોજિસ્ટિક ખર્ચને 14%થી ઘટાડીને GDPના 10% કરતા ઓછું કરવાનો હેતુ ધરાવે છે.

## કરારના મહત્વપૂર્ણ મુદ્દાઓ

NHLML, RVNL અને IWAI વચ્ચે ત્રિપક્ષીય કરાર કરવામાં આવ્યા હતા :

(1) નેશનલ હાઈવે લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ લિમિટેડ (NHLML) :

– તે રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયની નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)નું સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) છે.

(2) ઈન્લેન્ડ વોટર-વે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (RVNL) :

– તે બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળની એક વૈધાનિક સત્તા છે.

(3) રેલ વિકાસ નિગમ લિમિટેડ (RVNL) :

– તે રેલવે મંત્રાલય હેઠળની સંપૂર્ણ માલિકીની જાહેર ક્ષેત્રની એન્ટરપ્રાઈઝ છે.

- આ કરાર દેશની અંદર લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટેશનમાં કાર્યક્ષમતા હાંસલ કરવા માટે ત્રણ સંસ્થાઓ વચ્ચે સહકાર અને સહયોગના મોડલની રૂપરેખા આપે છે.

## મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP)

'હબ એન્ડ સ્પોક' મોડલ હેઠળ વિકસિત MMLP હાઈવે, રેલવે અને અંતર્દેશીય જળમાર્ગો દ્વારા માલવાહક પરિવહનના બહુવિધિ મોડ્સને એકીકૃત કરશે.

- મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્ક પ્રોજેક્ટ વિવિધ પ્રકારની વસ્તુઓ માટે મોટા પાયે અત્યાધુનિક વેર હાઉસિંગ સુવિધાઓ વિકસાવવા માટે તથા વેર હાઉસિંગ, કસ્ટમ ક્લિયરન્સ, પાર્કિંગ, ટ્રક મેન્ટેનન્સ જેવી કાર્ગો મૂવમેન્ટ સંબંધિત તમામ સેવાઓ માટે વન સ્ટોપ સોલ્યુશન બનવા માટે તૈયાર છે.
- તેમાં ગોડાઉન, રેલવે સાઈડિંગ, કોલ્ડ સ્ટોરેજ, કસ્ટમ ક્લિયરન્સ હાઉસ, યાર્ડની સુવિધા, વર્કશોપ, પેટ્રોલપંપ, ટ્રક પાર્કિંગ, વહીવટી મકાન, બોર્ડિંગ લોજિંગ, ઈટીંગ જોઈન્ટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગેરે જેવી તમામ સુવિધાઓ હશે.
- MMLP અત્યાધુનિક નૂર મેનેજમેન્ટ સિસ્ટમના ટેકનોલોજી આધારિત અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- આ પ્રોજેક્ટમાં પેકેજિંગ, રિપેકીંગ અને લેબલીંગ જેવી ઘણી મૂલ્યવર્ધિત સેવાઓ ઉપલબ્ધ હશે.
- MMLP અન્ય સંલગ્ન સુવિધાઓ સાથે યાંત્રિક સામગ્રીના સંચાલન અને મૂલ્યવર્ધિત સેવાઓ માટે નૂર પરિવહન સુવિધા હશે.

**નોંધ:** ભારતમાલા પ્રોજેક્ટ એ માર્ગ પરિવહન અને ધોરી માર્ગ મંત્રાલય દ્વારા પરિકલ્પિત હાઈવે ક્ષેત્ર માટેનો એક વ્યાપક કાર્યક્રમ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. તાજેતરમાં નીચેના પૈકી કોને 2022નો યુનેસ્કો શાંતિ પુરસ્કાર એનાયત થયો છે ?

(A) સુશ્રી એન્જેલા મર્કેલ (B) સુશ્રી ઉર્સુલા વોન ડેર

(C) સુશ્રી મેરી બારા (D) સુશ્રી પેટ્રિશિયા બોટિન (A)

2. તાજેતરમાં સુશ્રી એન્જેલા મર્કેલને 2022નો યુનેસ્કો શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ કયા દેશના પૂર્વ ચાન્સેલર હતા ?

(A) સ્પેન (B) અમેરિકા (C) ન્યુઝિલેન્ડ (D) જર્મની (D)

3. તાજેતરમાં મલ્ટિમોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP)ના ઝડપી વિકાસ માટે ત્રિપક્ષીય કરાર કોની કોની વચ્ચે કરવામાં આવ્યા હતા ?

(A) MNCL- RVNL- IAWI (B) NHLML- RVNL- IWAI

(C) IWAI- LMLHK- NLVR (D) NLVR- CMNHK- NHIVR (B)

4. NHAI, IWAI અને RVNLએ કઈ યોજના અથવા પ્રોજેક્ટ હેઠળ આધુનિક મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્કના વિકાસ માટે ત્રીપક્ષીય MoU પર હસ્તાક્ષર કર્યા હતા ?

(A) ભારતમાલા પ્રોજેક્ટ (B) હાઈવે ઓથોરિટી પ્રોજેક્ટ

(C) વોટરવેઝ ઓથોરિટી પ્રોજેક્ટ (D) રેલ અને હાઈવે વિકાસ પ્રોજેક્ટ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **'કોમ્પેન્ડીયમ ઓફ લેન્ડ માર્ક જજમેન્ટ્સ' પુસ્તક**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તકેદારી આયોગ અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના સહયોગથી પ્રકાશિત થયેલા કોમ્પેન્ડીયમ ઓફ લેન્ડ માર્ક જજમેન્ટ્સનું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું. લોહ પુરુષ અને દેશના પ્રથમ ગૃહમંત્રી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે જાહેર સેવાઓનું મહત્વ અને મુલ્કી સેવાની રાષ્ટ્રઘડતરમાં ઉપયોગિતા સમજીને સ્પેશ્યલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ– 1947 તથા બ્રાઈબરી એન્ડ કરપ્શન પ્રિવેન્શન એક્ટ 1947 નામના બે કાયદાઓથી દેશમાં ભ્રષ્ટાચાર સામે કાયદાકીય માળખું ઉભુ કરવાનો નવો રાહ કંડાર્યો હતો. ગુજરાત તકેદારી આયોગ અને GNLUએ સરદાર સાહેબના આ મૂલ્યોમાંથી પ્રેરણા લઈને નિષ્ઠા, ભ્રષ્ટાચાર નિવારણ, જાહેર સેવકોની ગેરવર્તણુંક તથા અન્ય મુદ્દાઓને આવરી લેતા વિવિધ અદાલતોના 110 જેટલા સિમા ચિહ્નરૂપ ચૂકાદાઓનો ચૂકાદાસંગ્રહ પુસ્તકરૂપે પ્રકાશિત કર્યો છે.

## ભારત

➤ **સુશ્રી અન્ના મણિ (Anna Mani)**

23 ઓગસ્ટે ભારતીય ભૌતિકશાસ્ત્રી અને હવામાનશાસ્ત્રી સુશ્રી અન્ના મણિની 104મી જન્મજંયતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમણે હવામાનશાસ્ત્રના અભ્યાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમને ભારતના 'Weather Women of India' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમના જીવનના કાર્ય અને સંશોધનથી ભારત માટે હવામાનની સચોટ આગાહી કરવાનું શક્ય બન્યું અને દેશને નવીનીકરણીય ઉર્જાનો ઉપયોગ કરવા માટે પાયો નાખ્યો હતો. તેમનો જન્મ 23 ઓગસ્ટ, 1918ના રોજ કેરળના પીરુમેટમાં થયો હતો. વર્ષ 1942 અને 1945ની વચ્ચે તેમણે પાંચ પત્ર પ્રકાશિત કર્યા, તેમની પીએચડી, શોધ પ્રબંધ અને ઈમ્પીરિયલ કોલેજ, લંડનમાં સ્નાતક કાર્યક્રમ શરૂ કર્યો. જ્યાં તેમણે હવામાનશાસ્ત્રના સાધનોમાં વિશેષતા પ્રાપ્ત કરી હતી. તેમણે 1948માં ભારત પરત ફર્યા બાદ હવામાન વિભાગ માટે કામ કરવાનું શરૂ કર્યુ હતું.

- **PMJAY હેઠળ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે.**

નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) અને સામાજિક ન્યાય સશક્તિકરણ વિભાગે તાજેતરમાં આયુષ્માન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) હેઠળ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને સર્વગ્રાહી આરોગ્ય સેવાઓ પ્રદાન કરવા માટે એક MoU પર હસ્તાક્ષર કર્યા છે.આ કરાર પછી સમગ્ર દેશમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે નેશનલ પોર્ટલ દ્વારા જારી કરાયેલ ટ્રાન્સજેન્ડર પ્રમાણપત્ર ધારકને તમામ આરોગ્ય સુવિધાઓનો લાભ મળશે. તમામ AB-PMJAY હેઠળ દરેક પાત્ર વ્યક્તિને દર વર્ષે 5 લાખ રૂપિયા સુધીનું સ્વાસ્થ્ય વીમા કવચ મળે છે. આ ઉપરાંત ટ્રાન્સજેન્ડર કેટેગરી માટે વિશેષ પેકેજ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

- **કેરળ સરકાર દવાઓ માટે ઓનલાઈન મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરશે**

કેરળની સરકારી હોસ્પિટલોમાં દવાઓની અછતના આક્ષેપો વચ્ચે સરકાર ટૂંક સમયમાં રાજ્યમાં સરકારી તબીબી સંસ્થાઓમાં દવાઓની ઉપલબ્ધતા અને વિતરણને ટ્રેક કરવા માટે એક ઓનલાઈન મોનિટરિંગ સુવિધાઓ શરૂ કરશે. કેટલીક સરકારી હોસ્પિટલોમાં દવાઓ, પ્રાથમિક દવાઓની અછત હોવાના અહેવાલો પછી આ સુવિધા આવી છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **લદ્દાખમાં ભૂતાપીય ઉર્જા**

સરકાર સંચાલિત તેલ અને કુદરતી ગેસ કોર્પોરેશન (ONGC) ભારત–ચીન વાસ્તવિક સીમા રેખા પર ચુમર રોડથી દૂર લદ્દાખની પૂગા ખીણમાં વીજળી ઉત્પન્ન કરવા માટે ભૂતાપીય ઉર્જા પ્લાન્ટ (જિયોથર્મલ પાવર પ્લાન્ટ) સ્થાપશે. પૂગા ખીણ લદ્દાખના દક્ષિણ–પૂર્વ ભાગમાં ચાંગથાંગ ખીણમાં સ્થિત છે, જે સોલ્ટ લેક ખીણથી લગભગ 22 કિમી દૂર છે. તે એક મહત્વપૂર્ણ પ્રદેશ છે અને પ્રાકૃતિક પ્રવૃતિઓ માટે જાણીતો છે. પૂગા ખીણ તેના સલ્ફરથી ભરપૂર ગરમ ઝરણા માટે પણ જાણીતી છે. આ ભારતનો પ્રથમ જિયોથર્મલ પાવર પ્રોજેક્ટ છે તથા 14,000 ફૂટની ઊંચાઈએ વિશ્વનો સૌથી ઊંચો પ્રોજેક્ટ પણ હશે.

➤ **સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન**

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન 2022ના ગ્રાન્ડ ફિનાલેને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કર્યુ હતું. સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન (SIH)ની શરૂઆત વર્ષ 2017માં કરવામાં આવી હતી. સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન એ એક રાષ્ટ્રવ્યાપી પહેલ છે જે વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં આવતી સમસ્યાઓના નિરાકરણ માટે પ્લેટફોર્મ પૂરુ પાડે છે અને આ રીતે પ્રોડક્ટ ઈનોવેશન ઈકોસિસ્ટમ અને સમસ્યાઓનું નિરાકરણ કરવાનો અભિગમ વિકસાવે છે. સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન એ શિક્ષણ મંત્રાલય, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE), પર્સિસ્ટન્ટ સિસ્ટમ અને ઈન્ટર ઈન્સ્ટિટ્યૂટશનલ ઈન્ક્લુઝિવઈનોવેશન સેન્ટર (i4C) પહેલ છે. તેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં પ્રોડક્ટ ઈનોવેશન, સમસ્યાનું નિરાકરણ અને આઉટ ઓફ ધ બોક્સ વિચારની સંસ્કૃતિ કેળવવાનો છે. સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન (SIH) 2022 માટે નોંધાયેલ ટીમોની સંખ્યા પ્રથમ આવૃત્તિમાં લગભગ 7,500થી ચાર ગણી વધીને ચાલુ પાંચમી (2022) આવૃત્તિમાં લગભગ 29,600 થઈ ગઈ છે.

## વિશ્વ

➤ **ઓસ્ટ્રેલિયામાં 'પિચ બ્લેક' અભ્યાસ**

અભ્યાસ પિચ બ્લેક (Exercise Pitch Black)નું આયોજન 19 ઓગસ્ટથી 8 સપ્ટેમ્બર, દરમિયાન કરવામાં આવી રહ્યું છે. તે રોયલ ઓસ્ટ્રેલિયન એર ફોર્સ (RAAF) દ્વારા આયોજિત દ્વિવાર્ષિક બહુ–રાષ્ટ્રીય કવાયત છે. 17થી વધુ દેશોના લગભગ 2,500 કર્મચારીઓ અને 100 એરક્રાફ્ટ બંને આક્રમક કાઉન્ટર એર (OCA) અને ડિફેન્સિવ કાઉન્ટર એર (DCA) યુદ્ધ અભ્યાસમાં ભાગ લેશે. ઓસ્ટ્રેલિયા આ અભ્યાસનું યજમાન છે અને ભાગ લેનારાઓમાં ભારત, જર્મની, ફ્રાન્સ, યુએઈ, મલેશિયા, અમેરિકા, ન્યુઝિલેન્ડ, ઈન્ડોનેશિયા, સિંગાપોર, જાપાન, કોરિયા, યુકે, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ, કેનેડા અને નેધરલેન્ડનો સમાવેશ થાય છે. તેની છેલ્લી આવૃત્તિ 2018માં યોજાઈ હતી.

➤ **ભારત-ઈજિપ્ત રાજદ્વારી સંબંધોની 75મી વર્ષગાંઠ**


ઈજિપ્તે ભારત સાથે રાજદ્વારી સંબંધોની 75મી વર્ષગાંઠની યાદમાં એક ટપાલ ટિકિટ બહાર પાડી હતી. ભારત અને ઈજિપ્ત વચ્ચે રાજદ્વારી સંબંધો ત્યારે શરૂ થયા જ્યારે ઈજિપ્તે ભારતની સ્વંતત્રતાના ત્રણ દિવસ પછી 18 ઓગસ્ટ, 1947ના રોજ ભારતની સ્વતંત્રતાને માન્યતા આપી. 1950ના દાયકામાં બંને દેશો વધુ નજીક આવ્યા પરિણામે 1955માં ઐતિહાસિક મૈત્રી સંધી થઈ. આ ઉપરાંત 1960ના દાયકામાં ભારત અને ઈજિપ્ત વચ્ચે સંરક્ષણ સહયોગ નોંધપાત્ર રીતે વધ્યો હતો. ભારત–ઈજિપ્તના સંરક્ષણ સંબંધોને સૌથી મોટો મુદ્દો એ છે કે ઈજિપ્તના પાઈલટ્સને ભારતીય વાયુસેના દ્વારા તાલીમ આપવામાં આવે છે. ભારતની ઈજિપ્તે સંયુક્ત હેલન– 300 જેટ ફાઈટરનું નિર્માણ કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તકેદારી આયોગ અને નેશનલ લૉ યુનિવર્સિટીના સહયોગથી પ્રકાશિત થયેલા ..........પુસ્તકનું તાજેતરમાં ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું. – કોમ્પેન્ડીયમ ઓફ લેન્ડ માર્ક જજમેન્ટ્સ
- પિચ બ્લેક અભ્યાસ (Exercise Pitch Black)નું આયોજન કયા દેશમાં થશે ? – ઓસ્ટ્રેલિયા
- ભારતના 'Weather Woman of India' તરીકે કોને ઓળખવામાં આવે છે ? – સુશ્રી અન્ના મણિ
- ઈજિપ્તે ભારત સાથે રાજદ્વારી સંબંધોની કેટલામી વર્ષગાંઠની યાદમાં એક ટપાલ ટિકિટ બહાર પાડી હતી ? – 75મી
- ............હેઠળ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે. – PMJAY
- કઈ રાજ્ય સરકાર દવાઓ માટે ઓનલાઈન મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરશે ? – કેરળ
- ONGC લદ્દાખની ........ખીણમાં વીજળી ઉત્પન્ન કરવા માટે ભૂતાપીય ઉર્જા પ્લાન્ટ સ્થાપશે. – પૂગા ખીણ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. કઈ કંપનીએ મંકીપોક્સ રોગની તપાસ માટે ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત RT-PCR કીટ વિકસાવી છે ?
– ટ્રાન્સએશિયા બાયો–મેડિકલ

2. કઈ સંસ્થાએ 'Privatisation of Public Sector Banks : An Alternate Perspective'નામનો લેખ બહાર પાડ્યો છે ? – રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

3. આર્ટેમિસ III કયા દેશનું ક્રૂ મૂન લેન્ડિંગ મિશન છે ? – અમેરિકા

4. તાજેતરમાં કયા દેશે યુક્રેન માટે લશ્કરી પેકેજની જાહેરાત કરી હતી ? – અમેરિકા

5. વર્ષ 2022માં રાષ્ટ્રીય બીજ કોંગ્રેસનું આયોજન સ્થળ કયું છે ? – ગ્વાલિયર

6. 3.5 કિમી લાંબી માલવાહક ટ્રેનનું નામ શું છે, જેનું તાજેતરમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું ? – સુપર વાસુકી
(ભારતીય રેલવેએ તાજેતરમાં 'સુપર વાસુકી' નામની 3.5 કિમી લાંબી માલવાહક ટ્રેનનું પરીક્ષણ કર્યું છે. તે રેલવે દ્વારા ચલાવવામાં આવતી અત્યાર સુધીની સૌથી લાંબી અને સૌથી ભારે માલગાડી છે. તેની પાસે છત્તીસગઢના રજનાદેગાંવ વચ્ચે 27,000 થી વધુ કોલસાનું વહન કરતી વેગન છે.)

7. કેન્દ્ર સરકારે 'ડિસ્ટ્રિક ગુડ ગવર્નન્સ પોર્ટલ' વિકસાવવા માટે કયા રાજ્ય સાથે સહયોગ કરવાની યોજના બનાવી છે ?
– અરૂણાચલ પ્રદેશ

8. રાજીવગાંધી એડવાન્સ ટેક્નોલોજી સેન્ટર (R-CAT)નું ઉદ્‌ઘાટન કયા રાજ્યએ કર્યુ છે ? – રાજસ્થાન

9. ભારતે કયા દેશ સાથે આંતરરાષ્ટ્રીય શિક્ષણ પર કાર્યકારી જૂથની સ્થાપનાની જાહેરાત કરી છે ? – ઓસ્ટ્રેલિયા

10. કયા રાજ્યએ સરકાર દ્વારા સંચાલિત તબીબી સંસ્થાઓમાં ઓનલાઈન ડ્રગ મોનિટરિંગ સિસ્ટમ સ્થાપિત કરવાની જાહેરાત કરી છે ? – કેરળ

11. 2022માં યોજનારી 'SCO સંરક્ષણ મંત્રીઓની બેઠક'નું આયોજન સ્થળ કયું છે ? – તાશ્કંદ

12. કયા નેતાને '2022 લિબર્ટી મેડલ' એનાયત કરવામાં આવ્યો છે ? – વોલોડીમીર ઝેલેન્સકી

13. અનંગ તાલ તળાવ જેને રાષ્ટ્રીય મહત્વનું સ્મારક જાહેર કરવામાં આવ્યું છે, તે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલું છે ? – નવી દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

14. ભારતીય ખનીજ અને ધાતુ ઉદ્યોગ પર આંતરરાષ્ટ્રીય પરિષદ કયાં યોજાઈ હતી ? – નવી દિલ્હી

15. RBIએ ડેટા સ્ટોરેજના ધોરણોનું પાલન કર્યા પછી કઈ ક્રેડિટ સેવા પરનો પ્રતિબંધ ઉઠાવી લીધો છે ? – અમેરિકન એક્સપ્રેસ

16. કયા ભારતીય રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે પરિવાર કલ્યાણ બોર્ડ (PKC) યોજના શરૂ કરી છે ? – ઉત્તરપ્રદેશ

17. કયો દેશ ઉષ્ણકટિબંધિય ચક્રવાત 'મા–ઓન' (Ma-On)થી અસરગ્રસ્ત થયો છે ? – ફિલિપાઈન્સ

18. કયા ભારતીય અર્થશાસ્ત્રીને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)માં ભારતના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – કે. સુબ્રમણ્યમ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




# ICE®

## INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
|---|---|
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
|---|---|
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
|---|---|
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
|---|---|
| icerajkot | ICE® MAGIC<br>WEEKLY CURRENT AFFAIRS<br>Free Download |

અમારી સાથે જોડાવા માટે અહી આપેલ **Social Media Icon** પર **Click** કરો.